# પ્રકૃતિ

## આનંદમય જન્મદિવસના ઉપલક્ષમાં પ્રસ્તુત
## શ્રીગુરુમાઈ સાથે કેટલાક પ્રસંગો

### શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

*લીલાવતી સ્ટુઅર્ટ*

હાલમાં, શ્રીગુરુમાઈ અનુગ્રહ બિલ્ડિંગના અમૃત ચોકમાંથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે તેઓ ચોકમાં કેટલાક સેવાકર્તાઓ સાથે વાત કરવા ઊભાં રહ્યાં. અમે પ્રેમપૂર્વક તેમનું અભિવાદન કર્યું. પછી ગુરુમાઈજીએ અમને એક સુંદર પ્રસંગ કહ્યો જે થોડીવાર પહેલાં જ તેમની અને પ્રકૃતિના એક નાના જીવ વચ્ચે થયો હતો.

ગુરુમાઈજીએ કહ્યું કે તેઓ એક બારીની બહાર જોઈ રહ્યાં હતાં જેનો એક ભાગ દૂધિયા કાચનો બનેલો હતો. તેમને બારીના દૂધિયા કાચ પર રંગબેરંગી પાંખોવાળું એક સુંદર, મોટું, રૂપેરી પતંગિયું દેખાઈ રહ્યું હતું. એ પતંગિયું બારીની બહારની બાજુએ કાચ પર ઉપરની તરફ ચાલવાનો પ્રયત્ન કરી રહ્યું હતું. તે થોડું ઉપરની તરફ ચાલતું અને પછી નીચે સરકી જતું; તે ફરીથી થોડું ઉપરની તરફ ચાલતું અને નીચે સરકી જતું. ગુરુમાઈજીએ કહ્યું કે તેઓ આ પતંગિયાની દુવિધાને જોઈ રહ્યાં હતાં. છેવટે તેમણે પતંગિયાને કહ્યું, “શું આ તારો સર્વોત્તમ પ્રયત્ન છે?” જેવું ગુરુમાઈજીએ આ કહ્યું, તે પતંગિયું ઊડી ગયું!

ગુરુમાઈજીએ અમારા તરફ પ્રસન્નતાભર્યું સ્મિત કરીને કહ્યું, “તે પતંગિયું એ બતાવવા માંગતું હતું કે તે ઘણું બધું કરી શકે છે!” તેમણે સમજાવ્યું કે જ્યારે તેણે આ પડકાર સાંભળ્યો કે *શું આ તારો સર્વોત્તમ પ્રયત્ન છે?* — તો તેણે પોતાની યોગ્યતા સાબિત કરી બતાવી; તેણે પોતાનો સર્વોત્તમ પ્રયત્ન યાદ કર્યો અને સ્વતંત્રતાથી ઊડવા માટે પોતાની પાંખો ખોલી દીધી. ગુરુમાઈજીએ કહ્યું, “પતંગિયાનો આ પ્રસંગ ખૂબ જ સુંદર શિખામણ છે. લોકો સંઘર્ષ કરે છે અને વિચારે છે કે તેઓ બંધાયેલાં છે. તેઓ શેનાથી બંધાયેલાં છે?” ગુરુમાઈજીએ આકાશ અને બગીચા તરફ નજર કરીને કહ્યું, “પ્રકૃતિ હંમેશાં આપણને આવાં સુંદર ઉદાહરણો આપતી રહે છે.”

મારું હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ ગયું કે ગુરુમાઈજીએ મને અને અન્ય સેવાકર્તાઓને આ સુંદર પ્રસંગ કહ્યો. આ ખૂબ જ સુંદર ઉદાહરણ છે કે ગુરુમાઈજી પ્રકૃતિની સાથે કેટલાં જોડાયેલાં છે અને તે મને આપણા પોતાના મહાન સામર્થ્યનું સ્મરણ કરાવે છે.

***

# શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨
## *ગરિમા બોરવણકર*

શ્રીગુરુમાઈના જન્મ દિવસના બીજા દિવસે, ૨૫ જૂન, ૨૦૧૭ની સાંજે હું અને બીજા કેટલાક સેવાકર્તાઓ ગુરુમાઈજીની સાથે નિત્યાનંદ સરોવરની ફરતે ચાલી રહ્યાં હતાં.

અમે સરોવરના ઉપરના માર્ગ પર થોડું જ ચાલ્યાં હતાં કે ગુરુમાઈજી ઊભા રહી ગયાં અને સામેની દિશામાં જ્યાં પર્વતો હતા, એ તરફ જોવા લાગ્યાં.

તેમણે લગભગ બસો ફૂટ દૂર આવેલા એક વૃક્ષ તરફ ઇશારો કરીને કહ્યું, ‘‘પેલા નાના વૃક્ષ પર બેઠેલા કાર્ડિનલ પક્ષીને જુઓ.’’ અમે બધાંએ ત્યાં જોયું. વૃક્ષ પર બેઠેલા નાના લાલ પક્ષીનું એ દૃશ્ય ખૂબ જ વિસ્મયકારી હતું. ગુરુમાઈજીએ મને પૂછ્યું કે શું મેં કાર્ડિનલને જોયું; ખૂબ ઉત્સાહથી મેં કહ્યું, ‘‘હા ગુરુમાઈજી, મેં તેને જોયું.’’ પછી અમે આગળ ચાલવા લાગ્યાં.

થોડીવારમાં જ, ગુરુમાઈજીએ ઉપર વાદળોમાં બનેલા એક હૃદય તરફ ઈશારો કર્યો. અમે બધાં એ જોવા રોકાયાં અને તેને જોઈને ખૂબ ખુશ થઈ ગયાં.

અમે થોડા આગળ ચાલ્યાં કે ફરીથી ગુરુમાઈજીએ રસ્તા પર એક નાના લંબગોળ પથ્થર તરફ ઈશારો કર્યો જે સીધો ઊભો હતો અને જમીન પર તેનો લાંબો પડછાયો પડી રહ્યો હતો. ગુરુમાઈજીએ કહ્યું કે તેમને આવા નાના-નાના પથ્થરોના પડછાયા જોવાનું બહુ જ ગમે છે.

એ નાના પથ્થરનું આવું સરસ સંતુલન અને તેનો આવો નાનો પડછાયો જોવો એ ખરેખર વિસ્મયકારક હતું. મેં વિચાર્યું, *જો ગુરુમાઈજીએ આ નાના પથ્થરને ન બતાવ્યો હોત તો રસ્તાની બાજુમાં પડેલા ઘણા બધા પથ્થરોમાંથી આ નાના પથ્થર પર મેં ક્યારેય ધ્યાન ન આપ્યું હોત. હું તેની બાજુમાંથી નીકળી ગઈ હોત.*

ચાલતાં-ચાલતાં અમે બધાં ઘણી બધી જુદીજુદી સુંદર વસ્તુઓ પર ધ્યાન આપવા લાગ્યાં જેમકે, વાદળોના બદલાતા આકારોથી બનતાં ઘણાં બધાં હૃદયોના આકાર, લાંબી પાંખોવાળું તીડ (ડ્રેગનફ્લાય), કાળાં વાદળોની પાછળથી બહાર પ્રસરી રહેલાં સૂર્યનાં કિરણો — આકાશમાં કાળાં વાદળો ફરતે ચાંદીની ઝાલર! મેં જોયું કે પ્રકૃતિનાં આ સુંદર રૂપો સાથે જોડાઈને હું અંતરમાં ઘણી હળવાશ અને આનંદનો અનુભવ કરી રહી હતી.

એ દિવસે મોડી સાંજે, હું ગુરુમાઈજી સાથે ચાલવાની આ સુંદર ક્ષણોને શાંતિથી યાદ કરીને ફરીથી તેનો અનુભવ કરી રહી હતી. જેમજેમ હું એ યાદ કરતી ગઈ તેમતેમ સિદ્ધયોગ પથની વેબસાઇટ પરની પ્રકૃતિ ગૅલરી,

*Commune with Nature* (પ્રકૃતિ સાથે તાદાત્મ્ય) અને *Nishchintata* (નિશ્ચિંતતા) ગેલરીના ફોટાઓ અને વિડીયો મારા મનની આંખો સામે આવવા લાગ્યા.

ગુરુમાઈજીની દષ્ટિથી પ્રકૃતિ જોયા પછી મને સમજાયું કે જ્યારે હું વર્તમાનમાં પૂર્ણપણે ઉપસ્થિત રહું છું ત્યારે હું પ્રકૃતિની વિસ્મયજનક સુંદરતાનો વધુ ને વધુ અનુભવ કરી શકું છું.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.